SAMVAD E-JOURNAL
ISSN (Online) : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 4, Issue-2, April to June : 2026
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# બન્ની વિસ્તારના માલધારીઓનું લોકજીવન

અશ્વિન ચાવડા

પ્રસ્તાવના

વિશિષ્ટ ભૌગોલિક રચના ધરાવતા પ્રદેશમાં પ્રાથડ, પાવર પટ્ટી, વાગડ, ખડીર જેવા વિસ્તારો કરતા વધુ બન્ની-પશ્ચમ્ વિસ્તાર વિશ્વ ફલક પર પ્રસિદ્ધિ પામ્યો છે. આ વિસ્તારનો માનવી કચ્છી સંસ્કૃતિને પેઢી દર પેઢી પરંપરાઓથી સાચવીને જીવન જીવી રહ્યો છે. આમેય કચ્છ પ્રદેશમાં ભાતીગળ માલધારી સંસ્કૃતની સુવાસ ચોતરફ ફેલાઈ ચૂકી છે, ત્યારે બન્ની વિસ્તારના માલધારીઓની લોકસંસ્કૃતિ તરફ નજર કરીએ તો એ સંસ્કૃતિમાં ઓતપ્રોત થઈ જવાય છે. અહીંની લોકસંસ્કૃતિ એના વિશાળ ઘાસિયા મેદાનો અને સફેદ રણપ્રદેશને કારણે અનોખું વાતાવરણ ઊભું કરે છે. ઈ.સ. 2005 માં મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી દ્વારા રણ ઉત્સવની શરૂઆત થઈ. આ રણોત્સવ દરમિયાન રણપ્રદેશમાં ઊંટની સવારી, કચ્છની સંસ્કૃતિને ઉજાગર કરતા ભુંગાઓમાં રાત્રિરોકાણ, કચ્છની ભાતીગળ લોકસંસ્કૃતિની ઝાંખી,, કચ્છી સંગીત, ભરતગૂંથણ, માટીકલા, ચિત્રકામની સાથે પૃથ્વીના પટ પર ફેલાયેલા સફેદ રણનો અદભૂત નજારો જોવા મળે છે. પરિણામે આ બન્ની વિસ્તાર વિશ્વ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયું છે.

★ બન્ની વિસ્તાર

બન્ની વિસ્તાર સંદર્ભે 'દુલેરાય કારાણી વિશેષ : કારાણી દર્શન ' માં એક કચ્છી સગર છે.

" કચ્છ જી રણકંધી મથે, નીલી બનીયાર !
નીલા નેસ-નવાણ ને, ઘા નીલા ગુલઝાર,
ગોયું-મઈયું મતારિયું, ઘી ને ખીર અપાર,
પ્રાફૂટ્ઘે પરભાત મેં, છાય કરે છમકાર. " [1]

બન્ની વિસ્તાર વિશે વાત કરતા નરેન્દ્રકુમાર જોષી નોંધે છે કે, " આશરે ૮૨૮ ચોરસ માઈલનો આ બન્ની વિસ્તાર ૫૦ થી ૬૦ માઈલની લંબાઈ અને ૧૫ માઈલની પહોળાઈ ધરાવે છે. " [2] તો પ્રમોદ જેઠી ' કચ્છ કચ્છી અને કલા 'માં નોંધે છે કે, " ભુજથી ઉત્તરબાજુ ૧૮ કિ.મી. ચાલતા લોરીયા ગામ પછી ખાવડા સુધીનો વિસ્તાર 'બન્ની' કહેવાય છે. જેમાં ઉત્તર પૂર્વ બાજુ ઉગમણી બન્ની અને ઉત્તર પશ્ચિમ બાજુ આથમણી બન્ની તરીકે ઓળખાય છે." [3] કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ તાલુકાના ૧૬૦ ગામડા પૈકીના ૫૬ ગામડા બન્ની વિસ્તારમાં આવે છે. આ વિસ્તારની કુલ જમીનમાંથી પિયત વિસ્તાર ૬.૪૦ લાખ એકર અને ખેડાણ લાયક પિયત વિસ્તાર ૨.૨૮ લાખ એકર ગણાય છે. એમ કહેવાય છે કે અહીં 'બન્ની' અને 'ધાર બન્ની' વિસ્તારો હતા, પરંતુ ભારત પાકિસ્તાનના ભાગલા પડતાં 'ધાર બન્ની' તરીકે ઓળખાતો વિસ્તાર પાકિસ્તાનને સોંપાઈ ગયો છે, જ્યારે બન્ની-પચ્છમની ઓળખ આજે સરહદી વિસ્તાર તરીકે બની છે.

ગુજરાતી સાહિત્યના કવિ-સર્જક ઉમાશંકર જોશી એક સમયે કચ્છના પ્રવાસે આવ્યા, ત્યારે બન્ની પ્રદેશ નિહાળતા જ ભાવુક બનીને આ ભૂમિની ચપટી ધૂળ ઉપાડી, માથે ચડાવી વંદન કરેલા. બન્ની પ્રદેશ વિશે વાત કરતા ડૉ. ગોવર્ધન શર્મા અને ભાવના મહેતા નોંધે છે કે, " ૨૧૪૪ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા ઘાસથી આચ્છાદિત, અહીં-તહીં કાંટાળા વૃક્ષ, સખત પરિશ્રમી પ્રજા અને મસ્તીમાં વિચારતાં કરતા

પશુઓનો પ્રદેશ." [4] લગભગ અઢી-ત્રણ હજાર વર્ષથી આ વિસ્તાર માલધારીઓના પ્રદેશ તરીકે પ્રખ્યાત છે. આ બન્ની પ્રદેશને 'પીરન જો પટ્ટ' ( પવિત્ર લોકોની ભૂમિ ) તરીકે ઓળખવામાં આવે છે.

એક સમયે બંનેનો પ્રાણ માલધારી સંસ્કૃતિમાં ધબકતો હતો, તો એની સાથે ભરતગુંથણ, ચર્મકામ અને કચ્છનો પરિવેશ દર્શાવતા રમણીય ભૂંગામાં માલધારીનું સમગ્ર જીવન વીતે છે. આ ભૂંગાની બાહ્ય સ્વચ્છતા અને અંદરની સુંદરતા જોઈને પ્રવાસીઓ આ પ્રદેશની ભાતીગળ સંસ્કૃતિ તરફ આકર્ષાયા હશે. કારણકે આ વિસ્તારનો માલધારી સમુદાય પ્રકૃતિ સાથે નિકટતા ધરાવે છે. જીવનમાં સાદાઈ, આનંદ અને ઉમંગ જોવા મળે છે. કોઈપણ સમયે અતિથિ આંગણામાં પગ મૂકે તરત જ ભાવવિભોર થઈ ઊઠે અને ફળિયામાં ખાટલો પાથરીને રોટલા છાસનું પ્રથમ અવશ્ય પૂછે. આજ મહેમાનગતિ કરવાની પરંપરા આજે વિશ્વને ઉદાહરણ પૂરું પાડે છે.

વર્ષો પહેલા બન્ની પ્રદેશમાં ઘી દૂધની નદીઓ વહેતી હતી એમ કહેવાય છે, પછી એવો સમય માલધારીઓ માટે આવ્યો કે વિરડાઓ ગાળીને પીવાનું પાણી મેળવવા મથતા તરસ્યા બન્ની વિસ્તારના માલધારીઓની પૂરતા પાણીની જરૂરિયાત સંતોષી શકાય નહીં, પરિણામે લોકોને માલ-ઢોર સાથે સ્થળાંતર કરવાની ફરજ પડતી. પણ આજે ' બન્ની પાણી પુરવઠા યોજના' અમલ બનતા પીવાના પાણીની સમસ્યા સંતોષી શકાય છે.

★ 'બન્ની' શબ્દની ઉત્પત્તિ

કચ્છી લોકો પોતાની બોલીમાં નવી બનેલ જમીનને 'બનઈ' કહે છે. બન્ની એ 'બનઈ' શબ્દનો અપભ્રંશ છે. આ નવી જમીન કઈ રીતે બની તે વિશે આ વિસ્તારમાં વસવાટ કરતા લોકોમાં એક લોકવાયકા પ્રચલિત છે. નખત્રાણા તાલુકામાં આવેલ ધીણોધર ડુંગર ઉપર વર્ષો પહેલા ધોરમનાથ ઋષિ તપ કરતા તેઓએ સોપારી ઉપર ઊંધા માથે તપ કર્યું ને વરદાન પ્રાપ્ત કર્યું કે, તે જે દિશા તરફ આંખ ઉઘાડે તે દિશા તરફ સપાટ જમીન થઈ જાય. પરિણામે તેમના શિષ્યોના કેવા પ્રમાણ ઉત્તર દિશા તરફ ધોરમનાથ આંખ ઉઘાડે છે. તેથી દરિયો સૂકાઈ ગયો અને સપાટ જમીન બની અને ચોમાસામાં ઘાસ થવા લાગ્યું એના કારણે માલધારી પ્રજાએ વસવાટ કર્યો.

★ બન્નીમાં માલધારી સંસ્કૃતિ

આપણે ત્યાં વર્ષો પહેલા ' માલધારી' શબ્દ રબારી,ભરવાડ, આયર અને ચારણ જ્ઞાતિ પૂરતો મર્યાદિત જણાય છે. આ વાત બન્ની વિસ્તારના માલધારીઓ એ જ્ઞાતિની બાબતમાં ખોટી પુરવાર કરી છે, કારણ કે આ વિસ્તારના માલધારીઓ જ્ઞાતિએ મુસલમાન છે. લગભગ સાડા ચારસો વર્ષથી ઈસ્લામ ધર્મને અનુસરે છે, અને પશુપાલનના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ સમુદાય માટે વ્યાખ્યા કરવી હોય તો એ જ કે ગાય ભેંસ રાખી પ્રેમથી ઉછેરી તેમના ઉપર જ પોતાના કુટુંબનું ગુજરાન ચલાવનાર વ્યક્તિ (માલધારી). અહીં માલધારી સંસ્કૃતિ વિશે પ્રમોદ જેઠી નોંધે છે કે, " આ વિસ્તારમાં રહેતા લોકો મોટેભાગે મુસ્લિમ છે અને તેમનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો રહ્યો છે, એક સમયે કચ્છમાં ઘી-દૂધની નદીઓ વહેતી એમ કહેવાય છે."[5] મુસ્લિમ પ્રજાના આક્રમણ પહેલા બન્ની વિસ્તારને 'બન્ની આદમની' કહેવામાં આવતી. આ બન્નીમાં સતત નવી નવી પ્રજાઓ આવતી રહી પરિણામે આવનારી પ્રજાનું પ્રભુત્વ વધતા સ્થાયી પ્રજા સ્થળાંતર કરતી. બન્ની પ્રદેશની ઉત્પત્તિ સાથે જે પ્રથમ પ્રજાએ વસવાટ કર્યો તે 'આજી' પ્રજા હતી એવું અનુમાન છે. ત્યાર પછી ભદ્રુઆજી અને કાઠી પ્રજાએ આ વિસ્તારમાં વસવાટ કરેલો જણાય છે. આ સંદર્ભે નરેન્દ્રકુમાર જોષી ' ભાતીગર ભોમકા કચ્છ'માં નોંધે છે કે, " ઇસ્લામના આક્રમણ પહેલાં જ્યારે સમાઓ સિંધમાંથી કચ્છમાં આવ્યા ત્યારે આ પ્રદેશમાં હિન્દુ માલધારી કોમો વસતી હતી. ઈસ્લામના પ્રબળ આક્રમણના પરિણામે ઇસ્લામનો અંગીકાર કરીને તે જ પ્રજાના વંશજો હાલ બન્નીમાં વસી રહેલા છે. મુસ્લિમ આક્રમણ સામે તેઓએ ધર્માંતર કરવાનું સ્વીકાર્યું પરંતુ પોતાનો પ્રિય પ્રદેશ અને વ્યવસાય છોડ્યો નહીં."[6] હાલ બન્ની પ્રદેશમાં હિન્દુ અને મુસ્લિમ પ્રજા મુખ્ય છે. વાઢા કોળી અને દલિત લોકો હિન્દુ ધર્મ પાળે છે. જ્યારે બન્નીના માલધારીઓમાં મુતવા, રાયસીપૌત્રા, હાલેપૌત્રા, બંભા, રાયમાં, જત, નોડે, સમા, પઠાણ, સમેજા, કોરા, જુણેજા સુમરા, હિંગોરજા, સુમરા વગેરે મુસ્લિમ પ્રજા છે.

બન્ની માલધારી સંસ્કૃતિની અનેક વિશિષ્ટતાઓ જોવા મળે છે. ત્યાંની ખાનાબદોશ, ભાતીગળ જાતિઓની જીવનશૈલી, તેમનો અનોખો પહેરવેશ, ચકિત કરી દે તેવી હસ્તકલા, ગરમ વાતાવરણ સામે રક્ષણ આપતા ભૂંગા, લોકસંગીત તેમની મહેમાનગતિ અને પોતાના માલ-ઢોર પ્રત્યેનો લગાવ વગેરે પાસાઓથી માલધારી સંસ્કૃતિ દીપી ઊઠે છે. બન્ની વિસ્તારમાં એક સમયે ઘેટા-બકરાને પ્રવેશવાની મનાઈ હતી,

ત્યારે ગાય ભેંસ છૂટથી ચારતા. પણ આજે બન્નીના માલધારીઓ ઘેટા બકરા રાખતા થયા છે. વિશાળ ઘાસિયા મેદાનોમાં ચરતા પશુઓને નિરખવાનો લ્હાવો અનેરો છે. જે સંદર્ભે ઉમાશંકર જોશીની કાવ્યપંક્તિ ટાંકતા રામસિંહજી રાઠોડ નોંધે છે,

" કારિયું ને કુંઠિયું કારી સજી કતાર
મઈયું ચરે મતારીયું બેડો બન્નીયજો પાર. " [7]

બન્નીમાં વસતા લોકોને બંને યાર તરીકે ઓળખવામાં આવે છે આ બંને યારોને ગાંધીના સૌંદર્યને માણવાનો આનંદ તો હોય જ છે પણ સામે પક્ષે અનેક પ્રતિકૂળ પ્રશ્નોનો સામનો પણ કરવો પડે છે તે વિશે નરેન્દ્રકુમાર જોષી 'ભાતીગર ભોમકા કચ્છ' માં નોંધે છે કે, " સિંધ છૂટું પડ્યા પહેલા જ્યારે જ્યારે કચ્છમાં દુષ્કાળ પડતો ત્યારે બન્નીનો માલધારી પોતાના ગૌધણ લઈને ઉત્તરમાં ધારબન્ની તરફ ચાલ્યો જતો. ત્યાં તેને પૂરતો ઘાસચારો અને મીઠું પાણી મળે રહેતા. હવે રાષ્ટ્રના વિભાજન પછી એ પ્રદેશ પારકો બન્યો અને બન્નીના માલધારીઓને દૂર દૂર ગુજરાતના જંગલોમાં જવું પડે છે. આ પલટાયેલી પરિસ્થિતિની ગૌધણના વંશ ઉપર જે પ્રતિકૂળ અસર થઈ રહી છે તેનું પરિણામ તો ભાવિ સમજાવશે. " [8]

★ વસવાટ

બન્ની વિસ્તાર વર્ષો પહેલા માનવ અને પશુઓ માટે 'અભયધામ' માનવામાં આવતો. પરંતુ બે સદી પહેલાની પરિસ્થિતિ બદલાયેલી હતી. હવે રણોત્સવની ઉજવણી શરૂ થઈ છે ત્યારે આ વિસ્તાર સદીઓ પહેલાનું સ્વરૂપ ધારણ કરશે અને આજે બન્નીમાં લોકોની વસ્તી પ્રતિદિન વધતી જાય છે. બન્નીના ગામોને 'ઝીલ' અને 'વાંઢ' તરીકે ઓળખવામાં આવે છે. જે સંદર્ભે રામસિંહ રાઠોડ નોંધે છે કે, " બન્નીના ગામોને ઝીલ કહે છે, ઝીલ એટલે પાણી-જલ જ્યાં મળે ત્યાં નેસ થાય ને તે ઉપર વાંઢ ગામ વસે. " [9] પહેલાના સમયમાં બન્નીનો માલધારી ભટકતું જીવન જીવતો પરંતુ સાંપ્રત સમયમાં આ માલધારીઓ સ્થાયી થયા છે. અહીંના લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો હોવાથી જ્યાં પાણીની સગવડ હોય ત્યાં પોતાના માલ-ઢોર સાથે વસવાટ કરે છે. તેઓ દરેક ગામમાં જ્ઞાતિ મુજબ વસવાટ કરતા હોય છે. જેથી દલિત, વાઢાકોલી અને મુસ્લિમ માલધારીના ભૂંગા અલગ-અલગ જોવા મળે છે. બન્ની વિસ્તારમાં ગામડાઓ લગભગ ચાર થી પાંચ કિલોમીટરના ઘેરાવામાં પથરાયેલા જોવા મળે છે. તેમાંય ભીરંડિયારા આશરે ૮ કિલોમીટરમાં વિસ્તરેલું છે. બન્નીમાં વસતા માલધારીઓનો સંદર્ભ ટાંકતા ડૉ. ગોવર્ધન શર્મા અને ડૉ. ભાવના મહેતા નોંધે છે કે, " જત લોકો સગાસંબંધીઓ સાથે સમૂહમાં રહેવાનું વધુ પસંદ કરે છે. તેને 'પારો' પ્રથા કહેવામાં આવે છે." [10] માલધારીઓ પોતાના કુટુંબીજનો સાથે બે-ચાર ભૂંગાઓ અહીં-તહીં કે થોડે દૂર બાંધી વસવાટ કરે છે. તેમની વસાહતોમાં એક ચોક હોય છે. તેને 'ઓતાક' કહેવામાં આવે છે. જ્યાં મુસ્લિમ માલધારીઓનું ધાર્મિક સ્થળ મસ્જિદ બાંધવામાં આવે છે. એકંદરે બન્નીનો માલધારી સમુદાય ભૂકંપ પછીના સમયમાં સ્થાયી વસવાટ કરતો થયો છે. પરિણામે તેને રહેવાના સિમેન્ટના પાક્કા મકાનો બનાવતો થયો. આમ છતાં બન્ની વિસ્તારની મુલાકાત લઈએ તો પાક્કા મકાનો ઓછા અને ભૂંગાઓ વધુ જોવા મળે છે.

★ ઘરસજાવટ

બન્ની પ્રદેશ અને સંસ્કૃતિની આગવી ઓળખ માલધારીઓના રહેવાના ભૂંગા છે. અહીં ઉનાળા દરમિયાન ઉડતી રેત તેમજ ડમરીથી બચવા પ્રમાણમાં નાના ભૂંગા અને જમીનની સપાટીએથી બે ત્રણ ફૂટની ઊંચાઈ પર બાંધવામાં આવે છે. આ ભૂંગા બન્ની પ્રદેશમાં ઉગતા ખાસ લાણીયારી, ધ્રબ, ખેપો, કલ, ડન્ય વગેરે માંથી બનાવવામાં આવે છે જે ટાઢ, તડકો અને વરસાદ સામે રક્ષણ આપે છે. તો ભૂંગાની અંદર ની બાજુએ પણ લીંપ આ ણકામ કરી અરીસાના ટુકડાં થી સુશોભિત કરી ભૂંગાની આકર્ષક સજાવટ કરવામાં માલધારીઓની આગવી સૂઝ જોવા મળે છે. ખાંડ,ગોળ રાખવા માટેનો સંજીલો, અનાજ રાખવાના કોઠલા, કપડા તથા ગોદડા રાખવા માટેના મંજૂષ માટી વડે બનાવી જાડવર્ક કરી સુંદર બનાવે છે. વાસણ રાખવા માટેની અભેરાઈ અલગ-અલગ ડિઝાઈનથી બનાવી તેના ઉપર વાસણો સુંદર રીતે ગોઠવેલા હોય છે. આ સંદર્ભે નરેન્દ્રકુમાર જોશી 'ભાતીગર ભોમકા કચ્છ'મા નોંધે છે કે, " તેમના રહેવાના મકાનોને ભૂંગા કહે છે. કાચાં માટીના બનાવેલા ગોળ ઝૂંપડા જેવાં આ મકાનો વાંસના બનાવીને થાય છે. લિંપીગૂંપીને તેને અંદરથી એવા સુંદર બનાવેલા હોય છે કે, તેમાં ગરમી ઓછી લાગે અને સુખેથી રહી શકાય. ચોરસ આકારનાં મકાનો પણ હવે બનાવાય છે બન્નીયારના ઘરની અંદર તેની ગૃહિણીની આગવી સૂઝ અનુસાર થયેલી ગોઠવણી અને સ્વચ્છતા તમને આકર્ષક જણાશે." [11]

★ પહેરવેશ

કચ્છ પ્રદેશના માલધારીઓની સાચી ઓળખ ત્યાંનો પહેરવેશ ગણાવી શકાય. આ પ્રદેશ ભૌગોલિક વિશિષ્ટતાઓ અને માલધારી જ્ઞાતિઓની વિવિધતા ધરાવતો હોવાને કારણે જ્ઞાતિ આધારે પહેરવેશ જોવા મળે છે. બન્ની વિસ્તારની માલધારી સંસ્કૃતિ પ્રખ્યાત બનવા પાછળ અહીંનો પહેરવેશ ( ખાસ સ્ત્રીઓનો ) મુખ્ય છે. બન્ની માલધારીઓનો પહેરવેશ પઠ્ઠણી-સિંધી છે. બન્ની વિસ્તારના માલધારીઓનો પહેરવેશ પરંપરા અને અહીંના વાતાવરણને અનુરૂપ જોવા મળે છે. માલધારી પુરુષો પોત, ખમીસ અને સલવાર પહેરે છે. આ માલધારીઓનું ભટકતું જીવન મહોવાના કારણે ગરમીથી બચી શકાય એવા ખુલ્લા કપડા વધુ પસંદ કરે છે, તો માથાને ગરમીથી રક્ષણ આપવા માટે અહીંના માલધારીઓ અને તેમના બાળકો ફરજિયાત રંગબેરંગી ફેંટો કે રૂમાલ માથે અવશ્ય બાંધે છે. બન્ની વિસ્તારની માલધારી બહેનો ઈજાર, કંજરી, ગંજ ઘાઘરો વધુ પહેરે છે. અહીં લાજ તથા પ્રચલિત હોવાને કારણે માટે ઓઢણી નાખી લાંબો ઘુંઘટો રાખે છે, તો લગ્ન પહેલાંની બહેનો ચોલો પણ પહેરે છે જે પોતાની પરંપરા અને આગવી સૂઝથી ભરતગૂંથણ કરી રંગબેરંગની તેમજ કાચના નાના નાના આભલા ટાંકીને સુંદર બનાવે છે. સ્ત્રીઓના ઘરેણા ચાંદી અને સોનામાંથી બનાવેલા હોય છે. જે માથાથી લઈને હાથ-પગ સુધી શણગાર સજે છે. નાકમાં સરી ભુલ્લો અને કાનમાં લટકણિયાં, બુંદા, નસબી વગેરે પહેરે છે. ગળામાં ઝરમર, એકદાણો, વારલો વધુ પ્રખ્યાત છે. હાથમાં ચૂડીયો, બલોયા, તો પગમાં કાંબીઓ પહેરે છે.

★ રીત - રિવાજો

બન્ની વિસ્તાર પાકિસ્તાન સિંધ નજીક આવેલા હોવાને લીધે અહીં ૯૦ % વધારે મુસ્લિમ લોકો વસવાટ કરે છે. જેનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો રહ્યો છે. આ લોકો ઈસ્લામિક આક્રમણના સમયે ઇસ્લામ ધર્મને વરેલા હોવાને કારણે ગુજરાતના અન્ય પ્રાંતના મુસ્લિમ સમાજમાં જોવા મળતા રીત-રિવાજોને અનુસરે છે. અહીંના માલધારી સમાજના રીત-રિવાજોમાં સાંસ્કૃતિક વાતાવરણ કે સામાજિક પરિસ્થિતિ અનુસાર થોડે ઘણે અંશે ફેરફાર જોવા મળે છે. બન્ની માલધારીઓનાં રીતે-રિવાજોમાં પરંપરાથી લાજ પ્રથા પ્રચલિત છે. કુટુંબના મોભી/વડીલોની હાજરીમાં બહેનો લાંબો ઘૂંઘટો તાણે છે અને તેમની ઉપસ્થિતિમાં પતિ-પત્ની વાતચીત પણ કરી શકતા નથી. આ સમુદાયમાં જન્મથી લઈને મૃત્યુ સુધીના રીત-રિવાજોમાં અકીકો, સગાઈ, લગ્ન પરંપરા અને મૃત્યુ સમયે થતી વિધિઓ જોવા મળે છે. બન્ની માલધારીઓની લોકસંસ્કૃતિ લગ્ન જેવા પ્રસંગે વધુ દીપી ઊઠે છે. લગ્ન પ્રસંગમાં વનાય બેસે, અખિયો બંધાવો, સાંજી, મહેંદી, પીઠી, નિકાહ મુબારકી અને વિદાય જેવા પ્રસંગો મુખ્ય છે. આમ બન્નીના માલધારીઓ પોતાની સંસ્કૃતિ અને પરંપરા ને પેઢી દર પેઢીથી જાળવી રહ્યા છે. તેઓના જન્મથી લઈને મૃત્યુ સુધીના રીત-રિવાજોમાં ત્યાંનું લોકજીવન અને એ વિસ્તારનો સાંસ્કૃતિક પરિવેશ દ્રષ્ટિગોચર થાય છે.

★ ધાર્મિકતા

હજારો વર્ષ પહેલા બન્ની વિસ્તારમાં હિન્દુ માલધારીઓ રહેતા હતા, પરંતુ મુસ્લિમ આક્રમણોને કારણે મુસ્લિમ લોકોનું વર્ચસ્વ વધતા આજ હિંદુ માલધારીઓએ ઈસ્લામ ધર્મ કબૂલ્યો તે પછી આજદિન સુધી તેઓ ઇસ્લામ ધર્મ પાળે છે. જેના કારણે હજ કરવાનું ધાર્મિક મહત્વ છે. દરેક ગામમાં એક મસ્જિદ બાંધવામાં આવે છે. આ બન્નીના માલધારીઓ દિવસમાં પાંચ વખત નમાજ પઢે છે. જેમાં ફરજીયાત કે કોઈ ચૂસ્ત નીતિ નિયમ નથી, પણ નમાજના સમયે ગામમાં હાજર હોય તેટલા લોકો મસ્જિદમાં નમાજ પઢે છે. ત્યારે કુરાન શરીફના શબ્દો ઉચ્ચારે છે. પાંચ વખતની નમાજ પઢે છે, જેમાં ફરજ, બોહર, અસ્સર, મગરીક અને ઈશા. અઠવાડિયામાં એક વખત દર શુક્રવારે પઢવામાં આવતી નમાજને 'ઝુમા' તરીકે ઓળખવામાં આવે છે.

★ ઉત્સવ-મેળાઓ

કચ્છના વિવિધ પ્રાંતના માલધારીઓની જેમ બન્ની વિસ્તારમાં માલધારીએ ઉત્સવ પ્રિય જણાતી નથી. જેથી જ અહીંના માલધારી વર્ગ એકધારું જીવન જીવ્યા કરતા હોય એમ લાગે. છતાં અહીં મુખ્ય બે ધાર્મિક ઉત્સવ ઉજવવામાં આવે છે. રમઝાન ઈદ અને બકરી ઈદ, રમઝાન ઈદ વર્ષમાં એક વખત અને બકરી ઈદ ત્યાર પછીના અઢી મહિને ઉજવવામાં આવે છે. આ સમયે ગામના લોકો ભેગા મળી ઝુલુસ કાઢતા હોય છે, અને સૌ કોઈ અતિ ઉત્સાહથી ભાગ લે છે. ત્યારે ખજૂર, સિંગ વગેરે વહેંચવામાં આવે છે. આમ, બન્નીમાં બે ધાર્મિક ઉત્સવ ઉપરાંત દર વર્ષે ગુજરાત સરકાર દ્વારા આ વિસ્તારમાં રણ ઉત્સવનું આયોજન છેલ્લા અમુક વર્ષોથી કરવામાં આવે છે, જે દ્વારા બન્નીના લોકોમાં નવો પ્રાણ પૂર્યો હોય એવું જણાય છે. બન્નીમાં ઉત્સવોની સાથે સાથે બખમલાખડો જેવી પ્રાદેશિક રમત ઉત્સવનું આયોજન સાંસ્કૃતિક લોકમેળા

અંતર્ગત કરવામાં આવે છે. જે રણ ઉત્સવના ભાગરૂપે ખાવડાથી આગળ કાળા ડુંગરની ટેકરીઓમાં આયોજન કરવામાં આવે છે. બન્નીમાં કરીમશા પીર, હાજીપીરના મોટા મેળા ભરાય છે જેમાં માલધારી વર્ગ બાળકોથી માંડી વડીલો સાથે ભાગ લેતા હોય છે અહીં ભરાતા મેળામાં માલધારી સંસ્કૃતિ ધબકતી દેખાય તેમાં પારંપારિકતાના દર્શન થાય છે. ચૈત્ર સુદ ૨/૩ ના દિવસે ભરાતા હાજીપીરના મેળામાં ગામે ગામના લોકો હર્ષોલ્લાસથી ભાગ લેતા હોય છે. પહેલાના સમયમાં બન્ની માલધારી બન્ની-પચ્છમના લોકમેળાઓની મોજ માણવા જતો, પણ આજે વાહનની સુવિધાને કારણે કચ્છ જિલ્લાના અન્ય મેળાઓમાં બન્ની વિસ્તારના માલધારી સ્ત્રી-પુરુષો જોઈ શકાય છે.

★ કોમી એકતા

કચ્છ પ્રદેશમાં છેલ્લા કેટલાક વર્ષોથી ઊડીને આંખે વળગે એવી બાબત કોમી એકતાની રહી છે. તો બન્ની વિસ્તારના માલધારીઓ આ બાબતમાં કેમ બાકાત રહે. આ વિસ્તારમાં રહેતા લોકો હિન્દુ અને મુસ્લિમ છે, તેમ છતાં આ વિસ્તારના લોકસમુદાયોમાં સંસ્કૃતિની બાબતે ઘણી સમાનતા વર્તાય છે. અહીંની વસ્તી એક તાંતણે બંધાયેલી જોઈ શકાય છે. બન્નીમાં મુસ્લિમ વસ્તી સૌથી વધારે હોવા છતાં હિન્દુ પ્રજા ઉપર કોઈ પણ પ્રકારના સામાજિક કે રાજકીય દબાણો થતા નથી. પરિણામે બંને કોમ ખંભે ખભો મિલાવીને ચાલે છે. આ કોમી એકતા આંતરિક બાહ્ય રીતે આ વિસ્તારનો પ્રવાસ કરનાર વ્યક્તિને જરૂર જોવા મળશે.

★ બન્ની ભરત

આજે બન્ની વિસ્તારનું ભરતકામ વિશ્વના લોકોમાં પ્રખ્યાત છે. આ વિસ્તારના લોકોનું ભરતકામ પેઢી દર પેઢી પરંપરાથી પોતાની વેરાન જિંદગીમાં ખૂટતા રંગો પુરી વૈવિધ્યસભર બનાવ્યું છે. બન્ની વિસ્તારની માલધારી બહેનો ભરતગુંથણમાં પેઢી દર પેઢી પરંપરાઓ અને કલ્પનાના રંગો પુરી અદભુત ભાત ઉપસાવે છે. આ પ્રકારનું શિક્ષણ તેમને પરંપરાથી વડીલો પાસે વારસામાં પ્રાપ્ત થયું જણાય છે. છતાં આજે નવીનતાના રંગો બન્ની ભરતગુંથણમાં દ્રષ્ટિગોચર થાય છે. આ વિસ્તારના ભરતકામના રંગોમાં ત્યાંની લોક સંસ્કૃતિના દર્શન થાય છે. એટલું જ નહીં પણ આપણી પુરાતન સંસ્કૃતિ ઉપરાંત રાષ્ટ્ર વારસાને ઉજાગર કરતું ભરતગુંથણ કરે છે. પોતાના રોજિંદા કામકાજમાંથી પરવારી નવરાશના સમયે માલધારી બહેનો પોતાની કલ્પના મુજબ ઘાઘરા, પાલવપટ્ટી, ચાકળા, ચંદરવા તેમજ રોજિંદા વપરાશના વસ્ત્રોમાં અનોખી શૈલીનું ભરતગુંથણ કરે છે. આથી એમ કહી શકાય કે આ ભરતકામ પોતાના સામાજિક જીવન સાથે વણાઈ ગયુ છે.

★ ઉપસંહાર

બન્ની વિસ્તારના માલધારીઓના લોકજીવનમાં નજર કરીએ તો એ આપણા માનસ પર ઊંડી છાપ મૂકી જાય છે. સાંપ્રત સમયમાં બન્ની વિસ્તારના માલધારીઓ બંધિયાર અને એકધારું જીવન જીવવા કરતા આધુનિક વિશ્વ તરફ ડગ ભરવા લાગ્યો છે, ત્યારે આવનારો સમય પરિવર્તનનો છે, એમ ચોક્કસ કહી શકાય. આજના માલધારી યુવાનો પરંપરા સાથે અને આધુનિક જીવન રીતિ વચ્ચે રહી પરિવર્તન ઝંખે છે. આ વિસ્તારનો પ્રવાસ કરનારી કોઈપણ વ્યક્તિ પર બન્ની લોકજીવનની છાપ પડ્યા વગર ન રહે. આજે સમય બદલાયો છે અને પહેલા જેવું બન્ની પણ રહ્યું નથી અને ચિત્ર ઘણું ખરું બદલાયું છે. આમ છતાં અતીતના પડઘા આજે આ વિસ્તારની સંસ્કૃતિમાં ગૂંજે છે .અર્ધ રણ વિસ્તાર ધરાવતા બન્ની પ્રદેશનું વાતાવરણ  આપણને સ્પર્શી જાય છે તેને પ્રત્યક્ષ અનુભવવા માટે બન્ની વિસ્તારનો પ્રવાસ અવશ્ય કરવો.

★ સંદર્ભ સૂચિ ★

(૧) સં. હેમરાજ શાહ, 'દુલેરાય કારાણી વિશેષ : કારાણી દર્શન', પૃ.૭૦

(૨) નરેન્દ્રકુમાર જોષી, 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ.૭૬

(૩) પ્રમોદ જેઠી, 'કચ્છ કચ્છી અને કલા',પૃ.૭૦

(૪) ડૉ. ગોવર્ધન શર્મા - ડૉ. ભાવના મહેતા, 'કચ્છ:લોક અને સંસ્કૃતિ ', પૃ.૪

(૫) પ્રમોદ જેઠી, 'કચ્છ કચ્છી અને કલા', પૃ.૬૯

(૬) નરેન્દ્રકુમાર જોષી, 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ.૭૬

(૭) રામસિંહજી રાઠોડ, 'કચ્છ તારી અસ્મિતા' - અંતર્ગત, બેનમુન બન્ની', પૃ.૧૩૯

(૮) નરેન્દ્રકુમાર જોષી, 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ.૭૭/૭૮

(૯) રામસિંહજી રાઠોડ, 'કચ્છનું સંસ્કૃતિ દર્શન' , પૃ.૨૪૦

(૧૦) ડૉ. ગોવર્ધન શર્મા - ડૉ. ભાવના મહેતા, 'કચ્છ:લોક અને સંસ્કૃતિ ', પૃ.૬

(૧૧) નરેન્દ્રકુમાર જોષી, 'ભાતીગર ભોમકા કચ્છ', પૃ.૭૯